પોલીસ કમિશ્નરની કચેરી, સુરત શહેર.
પોલીસ ભવન, અઠવાલાઇન્સ, સુરત શહેર-૩૯૫૦૦૧
વિશેષ શાખા, કચેરી ટેલીફોન-૦૨૬૧ ૨૨૪૧૧૧૦
કંટ્રોલ રૂમ ફેક્સ નં. ૦૨૬૧ ૨૨૪૧૩૦૪
e-mail : special.cp.sur@gmail.com

एक कदम स्वच्छता की ओर

# -:: ફોજદારી કાર્યરીતી અધિનીયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કરેલ કરફયુ હુકમ.

**ક્રમાંક:એસ.બી./કોરોના વાયરસ/ ૭૯ /૨૦૨૧**

**વંચાણે લીધા**

**(૧) ગૃહવિભાગ સચિવાલય ગાંધીનગર ક્રમાંક: વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા. ૦૬/૦૪/૨૦૨૧**

**(૨) અત્રેની કચેરીના ક્રમાંક:એસ.બી./કોરોના વાયરસ/ ૬૮ /૨૦૨૧ તા.૩૧/૦૩/૨૦૨૧**

**(૩) અત્રેની કચેરીના ક્રમાંક:એસ.બી./કોરોના વાયરસ/ ૬૯ /૨૦૨૧ તા.૩૧/૦૩/૨૦૨૧**

નોવેલ કોરોના વાયરસ (covid-19) ને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. આ સંબંધમાં કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા સમયાંતરે સુચનાઓ તેમજ માર્ગદર્શિકાઓ બહાર પાડવામાં આવેલ છે.

રાજ્યમાં covid-19 ની અસર કેટલાક શહેરોમાં વધારે વર્તાઇ રહી છે. આ બાબતની ગંભીરતા ધ્યાને લેતા નામદાર હાઇકોર્ટ દ્વારા તા.૦૬/૦૪/૨૦૨૧ ના રોજ ખાસ સુનાવણી હાથ ધરવામાં આવી હતી. કોરોના સંક્રમણને ધ્યાને લેતા રાજ્ય સરકાર દ્વારા અસરકારક પગલા લેવા નામદાર હાઇકોર્ટ દ્વારા સુચન કરવામાં આવેલ છે. સુરત શહેર વિસ્તાર વસ્તીની દ્રષ્ટીએ ગીચ અને ભીડભાડ વાળુ હોય નોવેલ કોરોના વાયરસ ઝડપી સંક્રમણને ધ્યાને લેતા લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલા રૂપે જાહેર જનતાના હિતમાં ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ ની કલમ ૧૪૪ અન્વયે પગલાં લેવા માટે અને પ્રવર્તમાન પરિસ્થિતિને લક્ષમાં લઇ જાહેર જનતાના હિતમાં નીચે મુજબનો હુકમ કરું છું.

**વાસ્તે, હું અજયકુમાર તોમર (આઇ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર ફરમાવું છું કે, તા.૦૭/૦૪/૨૦૨૧ થી તા.૩૦/૦૪/૨૦૨૧ દરમ્યાન રાત્રિના કલાક ૨૦/૦૦ થી સવારના કલાક ૦૬/૦૦ સુધી સુરત શહેર કમિશ્નરેટ વિસ્તારના રહેવાસીઓએ પોતાના રહેણાંક મકાનની બહાર નીકળવું નહિ, તેમજ કોઇપણ માર્ગ, જાહેર રાહદારી રસ્તાઓ, રાજમાર્ગો, શેરીઓ, ગલીઓ, પેટા ગલીઓમાં તથા જાહેર જગ્યાઓ ઉપર ઉભા રહેવું નહીં અથવા પગપાળા કે વાહનો મારફતે હરવું ફરવું નહીં.**

**-:વિસ્તાર:-**

સુરત શહેર પોલીસ કમિશ્નરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

-: :-

1. ઉપરોક્ત સંદર્ભ નં -3 થી અત્રેની કચેરીએ થી બહાર પાડવામાં જાહેરનામાં આપવામાં આવેલ છુટછાટ યથાવત રહેશે.
2. તા.૧૦/૦૪/૨૦૨૧ થી લગ્ન/સત્કાર સમારંભમાં બંધ કે ખુલ્લી જગ્યામાં ૧૦૦ થી વધુ વ્યક્તિઓ એકઠા કરી શકાશે નહીં.
3. કર્ફ્યુના સમયના કલાકો દરમ્યાન સુરત શહેર વિસ્તારમાં લગ્ન/સત્કાર સમારંભ કે અન્ય કાર્યક્રમો યોજી શકાશે નહીં.
4. તા.૦૭/૦૪/૨૦૨૧ થી તા.૩૦/૦૪/૨૦૨૧ સુધી રાજકીય, સામાજિક અને અન્ય મેળાવડા પર સંપુર્ણ પ્રતિબંધ રહેશે.
5. કોઇ પણ gathering (કાર્યક્રમો) માં ૫૦ થી વધુ વ્યક્તિઓ એકત્રિત થઇ શકશે નહીં.
6. સુરત શહેરની ખેત ઉત્પાદન બજાર સમિતીઓએ (એ.પી.એમ.સી) પણ કોવિડ-૧૯ અંગેની માર્ગદર્શક સુચનાઓનુ ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.

**-:શિક્ષા:-**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮, અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, The Disaster Management Act, 2005 ની કલમ ૫૧ થી ૬૦ ની જોગવાઇઓ મુજબ શિક્ષાને પાત્ર થશે.

**-:જાહેર વિજ્ઞાપન:-**

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલ ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્રો ઉપરથી પ્રસિધ્ધ કરાવવું.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઇન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઇ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮, અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, The Disaster Management Act, 2005 મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૦૭/૦૪/૨૦૨૧ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર સુરત શહેર એસ.બી.

(અજયકુમાર તોમર)
પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

**પ્રતિ,**

(૧) અધિક પોલીસ કમિશ્નરશ્રી, સેકટર-૧,૨તથા ટ્રાફિક એન્ડ ક્રાઇમ સુરત શહેર.
(૨) . નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ,સુરત શહેર
(૩). મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, તમામ સુરત શહેર
(૪). તમામ પો.સ્ટે./ શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર.(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૫) કંટ્રોલ ઇન્ચાર્જશ્રી, સુરત શહેર (તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી).

**સવિનય નકલ રવાના :-**

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશકશ્રી અને પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર, રાજકોટ શહેર/વડોદરા શહેર.
(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી સુરત રેન્જ, સુરત.
(૬) કલેકટરશ્રી, સુરત શહેર.
(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર
(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત
(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.
(૧૦) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા., ગાંધીનગર.
(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.
(૧૨) મેનેજરશ્રી, ગર્વનમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.
(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.
(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત .
(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.
(૧૭) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર.( નાનપુરા બહુમાળી સુરત )
(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત. ( જીલ્લા સેવા સદન અઠવાલાઇન્સ સુરત
(૧૯) સંયુકત માહીતી નિયામકશ્રી, સુરત ( સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ.)